# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/ ૪૩૫ /૨૦૧૫**

**તા. ૧૩ /૦૨ /૨૦૧૫**

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા.૧૫.૨.૨૦૧૫ ના રોજ સવારે ૦૫.૦૦ વાગ્યાથી બપોર કલાક ૧૧.૩૦ દરમ્યાન મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર માર્ગો ઉપર નીચે મુજબના વિસ્તારોમાં મેરેથોન દોડ દરમ્યાન રસ્તો બંધ કરવા / ડાયવર્ઝન કરવામાં આવે છે.

- **તા.૧૫/૨/૨૦૧૫ ના રોજ સવાર કલાક ૦૫.૦૦ થી ૧૧.૩૦ સુધી મેરેથોન દોડના રુટ ઉપર આવતા નીચે પ્રમાણેના રસ્તાઓ વાહનવ્યવહાર માટે સદંતર બંધ રહેશે. (સમગ્ર રુટ નો-વ્હીકલ ઝોન રહેશે.)**

(૧) **નહેરુબ્રીજ ચાર રસ્તાથી વાડજ સર્કલ સુધી આવ જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક માર્ગ** : નહેરુબ્રીજ ઉપર થઇ પુર્વ તરફના કોર્નરથી ડાબી બાજુ કામા હોટલ ખાનપુરથી ભવન્સ કોલેજ રોડથી શાહપુર ચાર રસ્તા થઇ દુધેશ્વર પાણીની ટાંકીવાળા સર્કલથી ડાબી બાજુ વળી દુધેશ્વર દધિચિબ્રીજ મધ્યભાગે થઇ વાડજ સર્કલ તરફ આવ-જા કરી શકાશે.

(૨) **વાડજ સર્કલથી ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ નવરંગ સર્કલ થઇ વિજય ચાર રસ્તા સુધી આવ-જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક માર્ગ:** વાડજ સર્કલથી ભીમજીપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી વિજયનગર રેલ્વે ક્રોસીંગ ક્રોસ કરી ડાબી બાજુ વળી રેલ્વેલાઇનના સર્વિસ રોડ થઇ નારણપુરા રેલ્વે ક્રોસીંગથી ઉસ્માનપુરા અંડરપાસ ઉપરથી સરદાર પટેલ સ્ટેડીયમ પાછળથી ઇન્કમટેક્ષ અંડરપાસ ઉપરથી જમણી બાજુ વળી સ્ટેડીયમ પાંચ રસ્તા થઇ સામવેદ હોસ્પીટલ રોડ થઇ કોમર્સ સર્કલ થઇ દાદા સાહેબના પગલા થઇ આવ-જા કરી શકાશે.

(૩) **વિજય ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા થઇ ગુરુકુળ ડ્રાઇવઇન રોડ થઇ દુરદર્શન ચાર રસ્તા સુધીના રોડ ઉપર આવ-જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક માર્ગ** : વિજયચાર રસ્તાથી દાદા સાહેબના પગલાં ચાર રસ્તા થઇ એલ.ડી. એન્જીનીયર કોલેજ થઇ પાંજરાપોળ ચાર રસ્તાથી જમણી બાજુ

આઇ.આઇ.એમ. ઓવરબ્રીજ થઇ વસ્ત્રાપુર તળાવ થઇ સંજીવની હોસ્પીટલ થઇ એન.એફ.ડી. સર્કલ થઇ દુરદર્શન ચાર રસ્તા તરફ આવ-જા કરી શકાશે.

**(૪) ૧૩૨ ફુટના રોડ ઉપર હેલ્મેટ બ્રિજ ઉપર તથા નીચેથી અંધજનમંડળ ચાર રસ્તાથી કેશવબાગ ત્રણ રસ્તાથી માનસી સર્કલ સુધી તથા શિવરંજની બ્રિજ ઉપરથી શ્યામલ ચાર રસ્તા સુધી આવ-જા કરી શકાશે નહિ.**

વૈકલ્પિક માર્ગ : વાડજ સર્કલ થઇ અખબારનગર સર્કલ થઇ પ્રગતિનગર ચાર રસ્તા થઇ શાસ્ત્રીનગર ચાર રસ્તા થઇ એ.ઇ.સી. બ્રીજ નીચેથી જમણી બાજુ વળી ભુયંગદેવથી સાર્થક સર્કલથી સાર્થકબ્રિજ ઉપરથી સોલા એસ.જી. હાઇવે તરફ આવ-જા કરી શકાશે તેમજ સાર્થક સર્કલથી ડાબી બાજુ વળી દુરદર્શન ચાર રસ્તા તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામામાંથી તમામ પ્રકારના સરકારી વાહનો ફાયર બ્રિગ્રેડના વાહનો તેમજ એમ્યુલન્સનાં વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૧૫/૦૨/૨૦૧૫ સવાર કલાક ૦૫.૦૦ થી ૧૧.૩૦ પોગ્રામ પુરો ન થાય ત્યાં સુધી અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લધંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૪/૦૨/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police Ahmedabad

તા.૧૪/૨/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)